प्रेमभक्ति-ग्रन्थमाळा

# पानेतर

न्हानालाल दलपतराम कवि

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૨૮૮૧
૮-૧૨

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गूजराती कॉपीराइट विभाग ]
अनुक्रमांक ૨૨૮૮૧ किंमत
ग्रंथनाम પાનેતર
वर्गांक ૮-૧૨

| | |
|---|---|
| ૬૭, સોહાગણ | ૧૯૪૦ |
| ૬૮, કુરુક્ષેત્ર, છઠ્ઠો કાંડ, આયુષ્યનાં દાન | ૧૯૪૦ |
| ૬૯, કુરુક્ષેત્ર, નવમો કાંડ, સહોદરનાં બાણ | ૧૯૪૦ |
| ૭૦, કુરુક્ષેત્ર, સમન્તપંચક અને મહાપ્રસ્થાન | ૧૯૪૦ |
| ૭૧, કુરુક્ષેત્ર, અર્પણ અને પ્રસ્તાવના | ૧૯૪૦ |
| ૭૨, કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો | ૧૯૪૧ |
| ૭૩, પાનેતર | ૧૯૪૧ |


## હવે પછી છપાશે

| | |
|---|---|
| દ્વારિકાપ્રલય | ધર્મમન્થન, ભાગ ૧ લો |
| સાગરમન્થન | ધર્મમન્થન, ભાગ ૨ જો |
| મહાકાવ્યઅભિનન્દનોત્સવ | ગીતમંજરી, ભાગ ૨ જો |
| રાસ, ભાગ ૪ થો | કેટલાંક કાવ્યો, ભાગ ૪ થો |
| વિચારણા, ભાગ ૧ લો | નવાં ઉપનિષદો |
| વિચારણા, ભાગ ૨ જો | શ્રી હર્ષ |
| ચન્દ્ર અને ચન્દ્રિકા | મહેરામણનાં મોતી, બીજી સેર |

| | | |
|---|---|---|
| | | પ્રથમાવૃત્તિની સાલ |
| ૪૪, | કવીશ્વર દલપતરામ, ભાગ ૧ લો | ૧૯૩૩ |
| ૪૫, | ઓજ અને અગર | ૧૯૩૩ |
| ૪૬, | જગત્કાદમ્બરીઓમાં સરસ્વતીચન્દ્ર | ૧૯૩૩ |
| ૪૭, | આપણાં સાક્ષરરત્નો, ભાગ ૧ લો | ૧૯૩૪ |
| ૪૮, | કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, પૂર્વાર્ધ | ૧૯૩૪ |
| ૪૯, | આપણાં સાક્ષરરત્નો, ભાગ ૨ જો | ૧૯૩૫ |
| ૫૦, | ગોપિકા | ૧૯૩૫ |
| ૫૧, | કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો | ૧૯૩૫ |
| ૫૨, | ગુરુદક્ષિણા | ૧૯૩૫ |
| ૫૩, | પુણ્યકન્થા | ૧૯૩૭ |
| ૫૪, | સ્નાતિકાપર્વની શિક્ષાવલ્લી | ૧૯૩૭ |
| ૫૫, | ન્હાના ન્હાના રાસ, ભાગ ૩ જો | ૧૯૩૭ |
| ૫૬, | મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૧ લો | ૧૯૩૭ |
| ૫૭, | મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૨ જો | ૧૯૩૭ |
| ૫૮, | સારથી | ૧૯૩૮ |
| ૫૯, | લોલીંગરાજ | ૧૯૩૯ |
| ૬૦, | મુંબઈમાંનો મહોત્સવ | ૧૯૩૯ |
| ૬૧, | કુરુક્ષેત્ર, અષ્ટમ કાંડ, માયાવી સન્ધ્યા | ૧૯૩૯ |
| ૬૨, | મહેરામણનાં મોતી | ૧૯૩૯ |
| ૬૩, | કુરુક્ષેત્ર, તૃતીય કાંડ, નિર્ધાર | ૧૯૪૦ |
| ૬૪, | કુરુક્ષેત્ર, સપ્તમ કાંડ, ચક્રવ્યૂહ | ૧૯૪૦ |
| ૬૫, | કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, ઉત્તરાર્ધ | ૧૯૪૦ |
| ૬૬, | કર્ણાવતી | ૧૯૪૦ |

## પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

| | પ્રથમાવૃત્તિની સાલ |
|---|---|
| ૨૧, ઉદ્બોધન (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ |
| ૨૨, અર્ધશતાબ્દીના અનુભવબોલ (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ |
| ૨૩, સંસારમન્થન (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ |
| ૨૪, વિશ્વગીતા (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ |
| ૨૫, ઇન્દુકુમાર, અંક ૨ જો (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ |
| ૨૬, ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ) | ૧૯૨૮ |
| ૨૭, ગીતમંજરી | ૧૯૨૮ |
| ૨૮, જહાંગીર-નૂરજહાન (૨ જી આવૃત્તિ) | ૧૯૨૮ |
| ૨૯, કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, ઘોષપર્વણી | ૧૯૨૮ |
| ૩૦, કુરુક્ષેત્ર, પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ | ૧૯૨૮ |
| ૩૧, કુરુક્ષેત્ર, એકાદશ કાંડ, શરશય્યા | ૧૯૨૯ |
| ૩૨, કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ | ૧૯૩૦ |
| ૩૩, શાહાનશાહ અકબરશાહ | ૧૯૩૦ |
| ૩૪, પાંખડીઓ | ૧૯૩૦ |
| ૩૫, કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો | ૧૯૩૦ |
| ૩૬, સંબોધન | ૧૯૩૦ |
| ૩૭, દામ્પત્યસ્તોત્રો | ૧૯૩૧ |
| ૩૮, શિક્ષાપત્રી, સમશ્લોકી | ૧૯૩૧ |
| ૩૯, બાળકાવ્યો | ૧૯૩૧ |
| ૪૦, ઉપનિષત્‌પંચક | ૧૯૩૧ |
| ૪૧, સંઘમિત્રા | ૧૯૩૧ |
| ૪૨, પ્રસ્તાવમાળા | ૧૯૩૨ |
| ૪૩, ઇન્દુકુમાર, અંક ૩ જો | ૧૯૩૨ |

# પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

પ્રથમાવૃત્તિની સાલ

| | | |
|---|---|---|
| ૧, | કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨ જી આવૃત્તિ) | ૧૯૦૩ |
| ૨, | રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ (૩ જી આવૃત્તિ) | ૧૯૦૩-૦૫-૧૧ |
| ૩, | વસન્તોત્સવ (૪ થી આવૃત્તિ) | ૧૯૦૫ |
| ૪, | કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ) | ૧૯૦૮ |
| ૫, | ઈન્દુકુમાર, અંક ૧ લો (૪ થી આવૃત્તિ) | ૧૯૦૯ |
| ૬, | ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૭ મી આવૃત્તિ) | ૧૯૧૦ |
| ૭, | ભગવદ્‌ગીતા, સમશ્લોકી (૩ જી આવૃત્તિ) | ૧૯૧૦ |
| ૮, | જયા-જયન્ત (૫ મી આવૃત્તિ) | ૧૯૧૪ |
| ૯, | મેઘદૂત, સમશ્લોકી (૩ જી આવૃત્તિ) | ૧૯૧૭ |
| ૧૦, | ઉષા (૫ મી આવૃત્તિ) | ૧૯૧૮ |
| ૧૧, | ચિત્રદર્શનો | ૧૯૨૧ |
| ૧૨, | રાજર્ષિ ભરત (૨ જી આવૃત્તિ) | ૧૯૨૨ |
| ૧૩, | પ્રેમકુંજ (૨ જી આવૃત્તિ) | ૧૯૨૨ |
| ૧૪, | પ્રેમભક્તિ-ભજનાવલિ (૨ જી આવૃત્તિ) | ૧૯૨૪ |
| ૧૫, | સાહિત્યમન્થન | ૧૯૨૪ |
| ૧૬, | વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી (૨ જી આવૃત્તિ) | ૧૯૨૫ |
| ૧૭, | અમર પન્થનો યાત્રાળુ (૨ જી આવૃત્તિ) | ૧૯૨૫ |
| ૧૮, | શકુન્તલાનું સંભારણું (૨ જી આવૃત્તિ) | ૧૯૨૬ |
| ૧૯, | કુરુક્ષેત્ર, પ્રથમ કાંડ, યુગપલટો | ૧૯૨૬ |
| ૨૦, | કુરુક્ષેત્ર, દ્વાદશ કાંડ, મહાસુદર્શન (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ |

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

# પાનેતર

ન્હાનાલાલ દલપતરામ કવિ

ઈ. સ. ૧૯૪૧ ] [ વિ. સં. ૧૯૯૭

કીંમત આઠ આના

કૃતનિ માટે રજીસ્ટર્ડ

પ્રકાશક : ન્હાનાલાલ દલપતરામ કવિ,
એલિસ બ્રીજ, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી ૧૯૪૧ પ્રત ~~[illegible]~~

૧૯૨૭ ની સાલ પછી પ્રેમભક્તિ–ગ્રન્થમાળાના પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક નકલ ઉપર કર્તાની ટૂંકી સહી હોય છે.

મુદ્રક : નટવરલાલ ઇચ્છારામ દેસાઇ, બી. એ.
મુદ્રણસ્થાન : "ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,
સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ–મુંબઈ

સલૂણા ગુર્જરસંસારની
સંસારસોહાગણ લગ્નવ્રતિનીઓનાં
સૌભાગ્યને સમર્પણ

# પ્રસ્તાવના

યુગયુગની આપણી સંસારસોહાગણનું આ કાવ્ય છે.

કિયા કિયા સંસારશાસ્ત્રીએ સંસારને કવિતાદૃષ્ટિએ માપ્યો-મૂલવ્યો છે ? સંસાર કવિતાનો સાગર છે. આ તો એમાંથી આચમની ભરી છે.

## ૧, આપણી સંસારકવિતા

૧૯૦૫ ની સાલમાં આપણાં ગૃહ્યસૂત્રો વાંચ્યાં. ગુજરાતી ભાષાન્તરો તો ત્યહારે માંડ બેત્રણ શોધ્યાં જડ્યાં. પંડિત મેક્ષમૂલરની Sacred Books of the East ની ગ્રન્થમાળામાંથી સાત ગૃહ્યોનાં ઇંગ્રેજી ભાષાન્તરો સાંપડ્યાં. પારસ્કર, આશ્વલાયન, ને સાંખ્યાયન થોડાંક મૂળમાં જોયાં. આર્યસંસારનાં સંસારશાસ્ત્ર ને કવિતા ગૃહ્યગ્રન્થોમાં છે. આર્ય મહાપ્રજાની કવિતા કાવ્યોમાં છે એથી અધિકી આર્યસંસારમાં છે. આપણી લગ્નદીક્ષાની કવિતા ત્યહારે પૂર્ણિમા જેવી પ્રોજ્જ્વળ પેખી.

હસ્તમેળાપ, લાજાહોમ, મંગળફેરા, ને સપ્તપદી હિન્દુલગ્નનાં પ્રધાન અંગો છે. બીજી બધી આનુષંગી કવિતા છે: ગાવ તો ગાજો, ન ગાવ તો મૌનવાણે બોલે.

## ૨, પછીનો કાવ્યવિકાસ

ગૃહ્યસૂત્રોમાંનું સંસારશાસ્ત્ર પછી મનુસ્મૃતિમાં ને ચાણાક્યના અર્થશાસ્ત્રમાં વિસ્તાર પામ્યું; અને કવિતાને પણ પછીનાઓએ-નિજનિજની શકિતમતિ અનુસાર-વિકસાવીબહલાવી. ગૃહ્યસૂત્રનો થયો

સંસ્કારભાસ્કર. મધુપર્ક, મ્હાયરું, અશ્મારોહણ, ધ્રુવદર્શન, સૌભાગ્યચુન્દડી તો ગૃહ્યજૂનાં છે. ને મંગળભાવે પછી ગણેશ બેસાડયા, ગોત્રજ સ્થાપ્યાં, ગ્રહશાન્તિ કીધી. સેંથી પાડવાને ગૃહ્યમાં નવવધૂને વર શિશોળિયું આપતો; ત્હેની થઈ સાસરિયાંની છાબ. કદળીસ્તંભ ને આસોપાલવનાં તોરણોનો લગ્નમંડપ દસ–વીસ હજારનો માંડવો થયો. થાળીરણકાને સ્થાને રઝાકનાં બેન્ડ વાગ્યાં. મ્હોડાતીઓને મ્હોડ પ્હેરાવ્યા, હાથે રૂપાના કે રત્નોના રામણુદીવડા દીધા. ઘોડીએ ચ્હડી કન્યારાણી સૌભાગ્યની ચુન્દડી ઓઢી જાય પછી વરરાજા વરઘોડલે ચ્હડે. સાજનમહાજન ન્હોતર્યાં ને ગુલાબવાડીઓ રોપાવી. નવવધૂને સુખડી કરાવવાને તેડતા, વરરાજા દસૈયાં જમવાને જતા. ઘરમાં વરઘોડિયાંને એકીબેકી રમાડયાં, નગરમાં ફૂલદડે રમાડયાં. મામા મોસાળું લાવે; સગાંસંબંધીઓ ચાંદલો આપે; જાનૈયાઓનું ગૌરવ કરી કન્યાપક્ષ પ્હેરામણી પ્હેરાવે. પખવાડિયા પૂર્વેથી–વડીપાપડની વરધોથી રાત્રિઓ લગ્નગીતે ગાજે. લગ્નદીક્ષાના દેવમન્દિર ફરતી વર્ષાની વેલીઓ સમી કવિતા એમ ફાળી ઉઠી.

એ સહુ નવવિધાનોમાં હૈયાભાવ છે, રસનિર્ઝરતી કવિતા છે. પણ એ સહુ વિધિવિધાનોથી જાણે પલ્લવઝૂમખાંઓ ફૂલડાંને ઢાંકી દે છે.

લગ્નમંડપ ત્ય્હારે એક મધુરપનો જ માંડવો ન હતો. આજની પેઠે વરવિક્રયો ને કન્યાવિક્રયો યે ત્ય્હાં થતા. કારણ તો હોય પૂર્વની લ્હેણદેણનું; પણ જાનરડીને પાટલો ન આપ્યાને મિષે રિસામણાં-મનામણાં ખેલાતાં. સંસારનાં એવાં છમકલાં છમકતાં.

તેમ આપણા સંસારવિધાયકો કવિતામાં વાસ્તવતાને વીસર્યા ન હતા. મ્હોડાતીનાં ગૌરવ તેજ ને શોભા રામણદીવડો વધારતો,

તેમ અન્ધારાંમાં માર્ગે અજવાળાં પાથરતો. વરપક્ષની સ્ત્રીઓ કન્યાને ને કન્યાપક્ષની સ્ત્રીઓ વરને—એમ પરસ્પર ન્હવરાવવાને જતી ત્ય્હારે વણુદીઠેલી ખોડખાંપણો પણ પરખી આવતી. વ્હેલનું પય સીંચવામાં કવિતા ને ઉપયોગિતા ઉભય હતાં.

## ૩, કવિતાનાં ભરતીઓટ

આજના સંસારને હવે એટલી સંસારકવિતા માણુવાને અવકાશે નથી ને પૈસો યે નથી; તેમ હૈયાભાવ પણ ઓસર્યા છે. ધનરંકતા કરતાં યે મ્હારે મન તો એ હૈયારંકતા સંસારનું મહાભયસ્થાન છે. ગિરિવરો ઓળંગતો, સાગરો ખેડતો, આભ પીતો, ગુર્જરપ્રજાનો આત્મા હતો; અને ભવિષ્યને ધાટે એથી અદકેરો સર્જવો પડશે. મહાપ્રજા પાંગળી ન હોય: મહાપ્રજાને પાંખો ગરૂડની હોય.

વાસ્તવતા જહાજ છે; ભાવનામયતા જહાજના વાયુ છે.

લગ્નદીક્ષા કવિતાનાં મીઠાં જળનો પાતાળઘરો છે; મંહીથી કવિતાનાં પાણી ઉલેચી નાંખ્યે અન્ધારી કન્દરા રહેશે. સુધારો; શક્તિ હોય તે બેલાશક સંસારને સુધારો; પણ સંસારના હૈયાભાવનાં જતન કરીને સુધારશો ને ? લગ્નદીક્ષાનો ને લગ્નદીક્ષાના વિધિનો આત્મા એમાંની કવિતા છે. વ્યક્તિગત દૃષ્ટિએ નહિ; સંસારશાસ્ત્રની દૃષ્ટિએ સંસારપ્રશ્નો વાંચવા વિચારવા ઉકેલવાના હોય. ભાવનાત્મકને કેવળ વાસ્તવતા સરજ્યે, આપણે ત્ય્હાં ને બધે યે, સંસાર કવિતાઓસર્યો થતો જાય છે.

Civil marriages માં સંસારકવિતા કેટલીક ગાજે છે ?

અને છતાં સંસારે કવિતાની ભરતી ચ્હડે છે. સંસાર સાગર છેઃ સાગરમાં દિવસમાં બે વાર ઓટ થાય છે, બે વાર ભરતી ચ્હડે છે. આજ આપણે ત્ય્હાં વ્યક્તિગત કવિતા પાંગરે છે, સંસાર-કવિતા ઓસરે છે.

૪, લગ્નદીક્ષા

એકે પૂછ્યુંઃ ત્ય્હારે પુરુષને પુરુષ કેમ પરણતો નથી? બીજાએ ઉત્તર વાળ્યોઃ હા; સ્ત્રીને સ્ત્રી પરણતી થશે ત્ય્હારે પુરુષ પુરુષને પરણશે. બન્ને યે ખડખડાટ હસી પડયા. એ ઉપહાસની પ્રશ્નોત્તરીમાં લગ્નદીક્ષાના ગૂઢારથ છે.

કેવળ વિજ્ઞાનશાસ્ત્ર–Science ની દૃષ્ટિએ $H_2O$નું રાસાયણિક–Chemical સંમિલન તે પાણી. તેમ કેવળ Science ની દૃષ્ટિએ Positive ને Negative વીજળીઓનું Chemical સંમિલન તે બ્રહ્માંડભરના અણુપરમાણુઓમાં પ્રવર્તતું લગ્ન.

અને પરમાણુથી માનવી અધિકો છે તેમ પરમાણુલગ્નથી માનવલગ્ન અધિકું છે.

> વ્હાલા ! ત્હમે પુરુષ, અમે નારી :
> આવો, હરિ ! રાસ રમો, વ્હાલા !

એ આપણાં પ્રાચીન કાવ્યચરણોમાં લગ્નદીક્ષાના મર્મસંદર્ભ છે. એમાં નરનારીનાં દ્વૈત છે; એમાં નરનારીની રાસરમણાનાં અદ્વૈત છે. સ્ત્રીપુરુષના સંસારરાસ તે લગ્ન. 'લગ્ન એટલે દ્વૈતાદ્વૈતની રસરમણા.'

ગૃહ્યસૂત્રો કહે છે કે સ્ત્રી ઋક્ છે, પુરુષ સામ છે.

## ૫. ગુજરાતમાં સ્નેહલગ્ન

ગુર્જરસંસારે સ્નેહલગ્નની ભાવના નવીન છે ? તો તો પ્રેમાનન્દના નળાખ્યાનનો પૂર્વાર્ધ આધુનિક કહેવો પડશે; તો તો સમગ્ર ઓખાહરણને નવયુગનું કાવ્યફળ કહેવું પડશે; તો તો મહેરામણનો પ્રવીણસાગર આજનો કહેવાશે. ગુર્જરકુંજોમાં એક જાદવકુળમાં જ રૂકિમણી સુભદ્રા સુરેખા ને ઓખાનાં ચાર સ્નેહલગ્નો પાંચ હજાર વર્ષ પૂર્વે થયાં હતાં. ગુર્જરસંસારે સ્નેહલગ્નો ઉષાપ્રાચીન ને અનિરૂદ્ધપ્રાચીન તો છે જ.

બધે તેમ આપણે ત્હાં યે 'સગવડિયાં લગ્નો' થયાં છે ને થાય છે. નવસંસારને યુગધર્મ પૂછે છે કે આજનાં સ્નેહલગ્નોમાં સ્નેહ કેટલો છે, મોહ કેટલો છે, કામ કેટલો છે, ધનલોલુપતા કેટલી છે, આંખના ઓપ કેટલા છે; એનાં પૃથક્કરણ ગોવર્ધનરામ સમા કો સાચા ને સમર્થ ને સાધુપુરુષ સંસારશાસ્ત્રી કરી સ્હમજાવે તો સ્હમજાય.

## ૬. વિશ્વવિજયી ભાવના

સંન્યસ્ત થોડાંને માટે છે; લગ્ન સૌને માટે છે.

હરિયાળી કોક મરુભૂમિમાં નહિ ઉગતી હોય. દેશદેશમાં તો શું ?—ઘરઘરમાં ને હૈયેહૈયે લગ્નકવિતા પ્રગટેપાંગરે છે. સૂર્યનાં ભર્ગ ને ચન્દ્રની ચન્દની જેટલી, વૈદિક ઉપમાએ પૃથ્વી અને આકાશ જેટલી, લગ્નકવિતા સર્વસંચારી છે.

'ગુલામોને ગુલામો સર્જવા અધિકાર નથી' એ ઉચ્ચરનારાએ પણ પુત્રપુત્રીઓને પરણાવ્યાં, 'ગુલામો' કને 'ગુલામો' સર્જાવ્યા.

લગ્નભાવના વિશ્વવિજયિની ભાવના છે.

ગૃહ્યસૂત્રો ક્યહારે લખાયાં? પાંડવકૌરવની પહેલાં? કે પછી? જે કાળ મૂકો તે. ત્યહારે–પાંચ હજાર કે ત્રણ હજાર વર્ષો પૂર્વે–ગૃહ્યકાળમાં આર્યસંસારની લગ્નભાવના આ હતી:

यत् एतत् हृदयं तव, तत् अस्तु हृदयं मम;
यत् इदं हृदयं मम, तत् अस्तु हृदयं तव.

આધુ પંચસહસ્રી કે ત્રીસહસ્રીમાં માનવકુળની લગ્નભાવના એ આર્યલગ્નભાવનાથી આગળ કેટલીક વધી છે?

એ છે આપણી લગ્નદીક્ષાની કવિતા.

૭, ભાવસમન્વય

૧૯૨૪ ની વસન્તપંચમીએ ગુજરાત કલાપ્રદર્શનના ઉદ્ઘાટન-પ્રસંગે કહ્યું હતું એ આજે પણ સાચું છે કે Classic ને Romantic, Realism ને Idealismનો સમન્વય મ્હારી કાવ્યકલાની ચક્રવર્તી ભાવના છે. પતંગ હું ચાંદણીઓમાં રમતો મૂકું છું, પણ પૃથ્વી ઉપર ઉભીને. ફ્રેંકલીન કહે છે કે એવા પતંગો આકાશવીજળીને પૃથ્વીમાં ઉતારે.

'હું તેથી સારો' થવાની ઉન્નતિએષણા કોના હૈયામાં નથી? પંખી કો પાંખચનું હોય તો માનવી આદર્શચનું હોય. નિજનિજની શક્તિમતિ પ્રમાણેના આદર્શવિહોણું મનુબાલ–નર કે નાર–મ્હેં દીઠેલ નથી. એ દૃષ્ટિએ માનવી માત્ર Idealist–આદર્શવાદી છે.

છતાં ઉડતાં નથી એમને કાં તો આંખ નથી, પાંખ નથી, કે ઉડવાની પ્રેરણા નથી. ઉડે એ ચકિા ઝાલે; ન ઉડે એ ચાંદાની ચાન્દની ઝીલે ત્હો યે બહુ.

પૃથ્વીફૂલકે વસન્તરંગો ચીતરવા–૪૫ વર્ષોથી એ મ્હારી કવિતાનો કલાધર્મ છે. મુંબઇમાંના એક વસન્તોત્સવપ્રસંગે કહ્યું હતું ને વળી કહું છું કે હું તો **વસન્તવૈતાલિક** છું. વસન્ત નહિ તો વસન્તનાં પુષ્પો, ને પુષ્પો નહિ તો વસન્તપાંખડીઓ આપણી સંસારવાડીઓમાં પ્રફુલ્લાવાય ત્હો યે ઓછું નહિ માનું. કાવ્યકલા કંઇક મનુષ્યાધીન છે; કાવ્યસન્દેશની મહાસિદ્ધિ ઈશ્વરાધીન છે. પણ ઇતિહાસ કહે છે કે કવિતાદેશે ૧૯૪૧ નો ગુજરાત તે ૧૮૯૮ નો ગુજરાત નથી. વસન્તોત્સવમાંનાં ત્યહારે જે રસઝરતાં કાવ્યપાત્રો હતાં, એ આજ આપણી કુંજે કુંજે કવિતાઝરતાં સંસારપાત્રો નથી?

વસન્ત બેઠી છે ને ફૂલડાં ફૂલે છે.

વસન્તસન્દેશ ઝીલે છે તે સંસારસોહાગિયાં છે.

એ Classic ને Romanticનો, એ Real ને Idealનો, એ 'છે' ને 'થશે'નો, એ ઇતિહાસ ને કવિતાનો, આ કાવ્યમાં પણ સમન્વય છે.

લગ્નવ્રત પણ એવું છે: આત્મા અને દેહનો સમન્વય. લગ્ન એટલે આત્મદેશે સંસારપ્રતિષ્ઠા; અને લગ્નદીક્ષા એટલે પ્રતિષ્ઠાપર્વનાં દીક્ષિતોનો વ્રતોત્સવ.

એ આપણી લગ્નદીક્ષાની કવિતાનું આ કાવ્ય છે.

વર્ષા વરસે છે. નહિ ઝીલે ત્હેમનાં કવિતાજળ એમની જ આળસે ઢોળાઇ જશે. સંસારકવિતા ઝીલે છે એ સંસારસોહાગિયાં થાય છે.

ચૈત્રી પડવો, સં. ૧૯૯૭ ન્હાનાલાલ દલપતરામ કવિ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | અર્પણ | ૭ |
| | પ્રસ્તાવના | ૮ |
| | રાસાવલિ | ૧૬ |
| ખંડ ૧ લો, | પ્રારબ્ધપર્વણી | ૧૮ |
| ખંડ ૨ જો, | એ સહાંજ | ૨૦ |
| ખંડ ૩ જો, | દર્શન | ૨૨ |
| ખંડ ૪ થો, | હસ્તમેળાપ | ૨૫ |
| ખંડ ૫ મો, | લાજાહોમ | ૨૮ |
| ખંડ ૬ ઠ્ઠો, | મંગળફેરા | ૩૧ |
| ખંડ ૭ મો, | સપ્તપદીઃસખ્ય | ૩૪ |
| ખંડ ૮ મો, | ધ્રુવ તારલો | ૩૭ |
| ખંડ ૯ મો, | જીવનની મહાકવિતા | ૪૦ |
| ખંડ ૧૦ મો. | પાનેતર | ૪૩-૪૬ |

# રાસાવલિ


| | | | |
|---|---|---|---|
| ખંડ | ૧ લો, | વાયા—વાયા તે કાંઇ દેવવસન્તના વાયુ જો ! | ૧૮ |
| ખંડ | ૨ જો, | આ—આવ્યા ત્હમે જીવનમાં ૨. | ૨૦ |
| ખંડ | ૩ જો, | લોક—લોકના પડછન્દા હો નાથ ! ત્હારા હૈયે વસે. | ૨૨ |
| ખંડ | ૪ થો, | આયુષ્યનાં ફૂલ વીણવા. | ૨૫ |
| ખંડ | ૫ મો, | જય જય ! શી આરતી ઉતારૂં ? જગતેશ્વરી ! | ૨૮ |
| ખંડ | ૬ ઠ્ઠો, | કે ઘેરાં ઘેરાં ઘૂમતાં ઘેરાણું જગઝુંડો. | ૩૧ |
| ખંડ | ૭ મો, | સરોવર પાણીડાં ગઇ'તી સોહાગણ. | ૩૪ |
| ખંડ | ૮ મો, | પ્રારબ્ધ ચરન્તો મ્હારો માથાનો મોર. | ૩૭ |
| ખંડ | ૯ મો, | સહિયર ! હું સોહાગણ સાસરવેલની. | ૪૦ |
| ખંડ | ૧૦ મો, | મહિયરનાં આવ્યાં રે ! કે આજ મ્હારે વધાગણાં | ૪૩ |

# પાનેતર

## ખંડ ૧ લો, પ્રારબ્ધપર્વણી

વાયા—વાયા તે કાંઈ દેવવસન્તના વાયુ જો !
વિલસી રહી મુજ ક્યારે વસન્તની વસન્તિકા.

નાથ માહરા સોળ કળાયેલ ચન્દ્ર જો !
જીવનમાં આવ્યા તે હો ! પૂર્ણિમા જાણે ઉગી.

મધુરૂં મધુરૂં બોલતા કાનની કુંજે જો !
કોડીલી કેકા ઢાળે મીઠપનો મોરલો.

રસભરી રમતી વદને વિધુની વેલો જો !
હુલ્લાસે હસતા રે ! કે જેમ ફૂલ્યાં ફૂલો ખરે.

વાયા ને ધાયા કાંઈ દેવવસન્તના વાયુ જો !
પૃથ્વીના પમર્યા મુજ આંગણે પરિમળો.

એ તિથિએ કીધ અમૃતના અંઘોળ જો !
એ તિથિ તો છે મ્હારે પ્રારબ્ધ કેરી પર્વણી.

૨

આયુષ્યને આભ ઉગ્યો નવો રવિ,
ને કીધું મ્હારૂં જયજ્યોત જીવન;
એ પર્વથી હું ગણું પુણ્ય પાંગર્યાં:
છે એક એવી ઉરના નવજન્મની તિથિ.

૩

વસન્ત શી વિધાત્રીએ, વસન્તભાવ મુદ્રક,
તે તિથિએ ભાગ્યદેશે સુધાનો કીધ ચન્દ્રક.

૪

આનન્દનાં તેજ જગે ઉછાળતી,
ને આભની પારનું કૈંક લાવતી,
વસન્ત બેઠી મુજ આયુવાડીમાં:
મ્હારે હતી એહ વસન્તપંચમી.

૫

કુંજમાં કોકિલા બોલી, ક્યારીએ કળીઓ ઝરી;
આંબે આંબે મ્હોર મ્હોર્યા, મ્હોરી હું યે મનોહરી.

૬

કુળે કુળે નિજ કલબોલ બોલતી,
ઉરે ઉરે નિજ રસગીત ઢોળતી,
આયુષ્યમાં એક જ વાર ઉગતી,
મ્હારે હતી એક વસન્તપર્વણી.

૭

ઉગે ને આથમે દિનો, ભર્યાં આયુષ્યને ભરે;
જાણે આજે બન્યું એવું આજે એ સહુ સાંભરે.

×

## ખંડ ૨ જો, એ સ્હાંજ

આજે મ્હારે છે અમૃતપર્વણી રે;
મ્હારા ગુણિયલની ગુણગર્વણી રે;
ઉતર્યા આંગણ અમરના અવતાર
રે જીવણજી!
આ–આવ્યા ત્હમે જીવનમાં રે.

સમી સ્હાંજનાં મધુરાં તેજમાં રે,
કોઇ સંસારજેતાના વેશમાં રે,
એવા દેવના ધરીને દિદાર
રે જીવણજી!
આ–આવ્યા ત્હમે જીવનમાં રે.

મ્હારી કરમાતી વેલ કોમારની રે;
ત્હમે છાંટી જીવનને સંજીવની રે;
ત્હમે ભરિયા અધૂરા સંસાર
રે જીવણજી!
આ–આવ્યા ત્હમે જીવનમાં રે.

ત્હમે સૂર્ય, અમે પિયુ! ચન્દ્રમા રે;
ત્હમે મેઘ, અમે પિયુ! વીજલતા રે;
ત્હમે નર; ને અમે તો નાર
રે જીવણજી!
આ–આવ્યા ત્હમે જીવનમાં રે.

૨

તેજે હતાં કાન્ત પરાગકોમળાં,
પ્રારબ્ધઘેરી મંહિ છાંયડી હતી;
પળેપળો પુણ્યપનોતી ઉગતી:
૫૪ એ સ્હાંજનો સૂરજ કેમ વીસરૂં ?

૩

વીસરૂં મહિયર મીઠું, વીસરૂં સાસરૂં કદિ,
૫૬ વીસરૂં-વીસરૂં તો તો એ તિથિ જન્મધન્યની.

૪

એ ભર્ગની ભાસ્કરની પ્રસન્નતા,
એ આભની ઉજ્જ્વળતા—ઉદારતા;
ને ભાવની એ ભરતી સ્વભાંડુની:
૬૦ આંખો ભરીને ભરતી'તી ઉરને.

૫

કદળીમંડપે જોવા આસોપાલવ ઝૂલતા,
૬૨ સલૂણાં સ્વજનો કેરા દિલના ઓઘ ડોલતા.

૬

પિતા ગયા'તા પુરમાંહિ ન્હોતરે,
માતા પૂજાપો પૂરતી'તી થાળમાં;
સૌભાગ્યલક્ષ્મી સખીઓ સજાવતી,
૬૬ સંકોરતા ગોર અખંડદીવડો.

૭

એવી સોહાગણી સ્હાંજ મ્હારે આવી નથી ફરી;
૬૮ એહ આનન્દના ઊર્મિ આનન્દું છું સ્મરી સ્મરી.

×

## ખંડ ૩ જો, દર્શન

લોક-લોકના પડછન્દા હો નાથ! ત્હારા હૈયે વસે.

ઘેરા ગુહારથના ગોરમ્ભા કાંઈ ઘૂમે જો!
બ્રહ્માંડના ભેદો રે! હો નાથ! ત્હારાં નેણે વસે.

સંસાર મન્થ્યો, મ્હેં તો શુભના મંડપ શોધ્યા જો!
પીયૂષની પાંખડી રે! હો નાથ! ત્હારાં વેણે વસે.

દિલમાંથી છલી ત્હારાં અંગઅંગમાં છલકાય જો!
રૂપરૂપની નદીઓ રે! હો નાથ! ત્હારા દેહે વસે.

વસન્તે વાઈ એની વિશ્વસોહાગણ વીણા જો!
વ્હાલપની વીણા રે! હો નાથ! ત્હારા નેહે વસે.

પુણ્યલોકના પડછન્દા હો નાથ! ત્હારા હૈયે વસે.

૨

આઘે આઘે વાંસળી વાગતી'તી,
ચોકે ચોકે સુન્દરી ગીત ગાતી;
મ્હોલ્લે મ્હોલ્લે ગાજતો લગ્નગાળો,
ને વીતતી'તી મ્હારી કૌમારરાત્રિ.

૩

ડોલન્તા હસ્તિનાપુરની ધર્મરાજસભા સમો,
મેઘાડમ્બર શો, આવ્યો ગાજન્તો વરઘોડલો.

૪

ત્ય્હાં મેઘપગલી ભરતા મહાજનો,
સોહાતી હંસીપગલાંથી સુન્દરી;
કે દેવરથની ધરીને ગભીરતા
સંસારી આવ્યાં સંસાર જીતવા.

૫

વૃક્ષગોખે ચ્હડી વેલી વર્ષાવે ફૂલડાં થડે,
ગોખે ચ્હડી દીઠા મ્હેં, ને વધાવ્યા દેવ ફૂલડે.

૬

ભમ્મર નમેલી ભવભાર ઝીલતી,
સંસાર બેઠા બીજી ડોલ ભમ્મરે;
ને ચાંપતા પાયથી પૃથ્વીનાં પડો,
પ્રફુલ્લ એ આંખડી આભને પીતી.

૭

ઝરતી ફૂલઝરણીઓ ખાંતીલા પુષ્પખૂંપની;
ફોરતી ફૂલખરણીઓ રસિયાનાં રૂપરૂપની.

૮

વસન્તની વાસ્તવતા હતી મુખે,
રમતી કીકીમાં ભવજીત ભાવના;

મુદ્રા મંહી છાંય હતી વિરાટની:
પ્રતાપી ને પૌરુષમૂર્તિ એ હતા.

૯

રુક્મિણીએ, સુભદ્રાએ, ઉષાએ અલબેલીએ,
કૃષ્ણ, પાર્થ, અનિરૂદ્ધ પૂજ્યા'તા: એમ પુત્રીએ.

૧૦

સંકોરી શગ નેણની રંગસાળુડે,
આનન્દના ઊર્મિથી અર્પી આદર,
વધાવી, પૂજી, પ્રણમી, પરસ્પર
અમે જગત્જ્યોત ઉતારી આરતી.

૧૧

ફૂલની પાંખડી માંહી હળે ફૂલની પાંખડી,
એમની આંખડી માંહી માહરી હળી આંખડી:—
માહરી આંખડી માંહી એમની હળી આંખડી.

*

## ખંડ ૪ થો, હસ્તમેળાપ

૧૧૦ હું તો ગઈ'તી આયુષ્યના આરે આયુષ્યનાં ફૂલ વીણવા;
કાન્ત કોડીલો કોક ત્‍્હાં પધારે આયુષ્યનાં ફૂલ વીણવા.

એને હાથે હતી ફૂલડાલી આયુષ્યનાં ફૂલ વીણવા;
એની આંખડી હસતી રૂપાળી આયુષ્યનાં ફૂલ વીણવા.

એણે નેણેથી ન્‍્હોતરાં દીધાં આયુષ્યનાં ફૂલ વીણવા;
એણે કવિતાનાં કામણ કીધાં આયુષ્યનાં ફૂલ વીણવા.

નાથે વસન્તની વાંસળી વગાડી આયુષ્યનાં ફૂલ વીણવા;
નાથે જગતની કુંજને જગાડી આયુષ્યનાં ફૂલ વીણવા.

અમે ઘૂમતાં'તાં એક નિર્ધારે—આયુષ્યનાં ફૂલ વીણવા;
૧૧૯ ચાલ્યાં રમતાં આયુષ્યને આરે આયુષ્યનાં ફૂલ વીણવા.

૨

૧૨૦ કદળીસ્તંભને જેમ કદળીસ્તંભ આવરે,
તોરણને છબી એમ ઉભા એ અમ માંડવે;
૧૨૨ મધુપર્કે પૂજ્યા—પોંખ્યા, પધાર્યા પછી મ્‍્હાંયરે.

૩

હાથેળીઓ કુંકુમરંગીલી હતી,
કુંકુમપગલાં મુજ પાય પાડતા;

ભાલે પીળી કુંકુમ કેરી પીયળો,
સુવર્ણવરકો ઉપરે સુહાવતાં.

૪

હું હતી કુંકુમવર્ણી, એ હતા પુષ્પમ્હોરિયા;
પુષ્પ ને કુંકુમ કેરાં લગ્ન તે તિથિએ થયાં.

૫

અર્ધો ડુબ્યો સૂરજ, અર્ધ દીસતો,
ગાયો વળી, ગોરજવેળ થઈ હતી;
પૃથ્વી અને આભ ક્ષિતિજમાં મળે,
અમે મળ્યાં એમ જ વિશ્વઘાટમાં.

૬

થાળીઓ રણુકી, ઘંટા વાગી, ચળકયો ય ચન્દ્રમા;
માહરા હાથનું પદ્મ પડ્યું એ કરપદ્મમાં.

૭

ઉત્સાહની ત્ય્હાં છલકાતી છાલકો,
ન્હાયા હતા ભાવ જ હર્ષહેલિયે;
પ્રફુલ્લ પ્રગટ્યાં મુખહાસ પુષ્પિને,
સંસાર આરો રમતો વસન્તમાં.

૮

મીઠડા જળના બોલ જાગતરંગના થયા;
૧૪૦ સંસારના શબ્દ જેવા ભેરીનાદ મચી રહ્યા.

૯

વસન્તસ્પર્શે કળીઓ ખીલી ઉઠે,
ને સૂર્ય સ્પર્શ્યે કમલિની ખીલતી,
વસન્ત શો વીજળીસ્પર્શ એ થયે
૧૪૪ અંગો બધાં પાંખડીપાંખડી ખીલ્યાં.

૧૦

પ્રકૃતિને પરબ્રહ્મ સ્પર્શ્યા સૃજનને સમે,
૧૪૬ એવો મ્હારા પરબ્રહ્મે ત્હારે સ્પર્શ કીધો મ્હને.

×

## ખંડ ૫ મો, લાજાહોમ

જય જય ! શી આરતી ઉતારૂં ? જગતેશ્વરી !
સૂર્યજ્યોત તેજમન્દિર ત્હારૂં, જગતેશ્વરી !

જુગના સંજોગો જોગવતી, જગતેશ્વરી !
ભવના ભોગોને ભોગવતી, જગતેશ્વરી !

જોગીઓને જોગનીર પાતી, જગતેશ્વરી !
સંસાર સંસારીનો સોહાતી, જગતેશ્વરી !

જનતાની પ્રેરણા તું છો, જગતેશ્વરી !
રસની રસેશ્વરી ય તું છો, જગતેશ્વરી !

આ સૂરજચન્દર ફેરી સાખે, જગતેશ્વરી !
આ ગૂંથી છે અમે પાંખ પાંખે, જગતેશ્વરી !

ગોપિકાના વ્હડી ભાવહેલે, જગતેશ્વરી !
જુગજુગથી જગતજાગ ખેલે, જગતેશ્વરી !

૨

મ્હોરેલી મ્હોરે ઢળી આમ્રની ઘટા,
છાયો ઝરૂખો શું પ્રફુલ્લ ફૂલડે,
સૌભાગ્યની કુંજ સમો સુહાવતો,
હતો રચાયો અમ લગ્નમંડપ.

૩

અગ્નિહોત્રી હતા ગોર, અજંપા જાપ જે જપે;
એ અગ્નિહોત્રના અગ્નિ લાવ્યા'તા લગ્નમંડપે.

૪

પવિત્ર ને પાવન આજ્ય છાંટીને
વિધૂમ્ર કીધી અમ લગ્નવેદિને;
પ્રકાશી રહી પ્રોજ્જ્વળ અગ્નિની શિખા:
ઝીલ્યો અમે એહ જ્વલન્ત જ્યોતિને.

૫

આવતી વિશ્વવાયુની લ્હેરકીઓ ત્ય્હાં ધીમે ધીમે;
અગ્નિ સંકોરતી'તી, ને સંકોરતી'તી ઉરને.

૬

દેશાન્તરે, દિશદિશામાં, પુરે પુરે,
ઉરે ઉરે, ને ગરવાં ગૃહે ગૃહે,
આકાશની ઉજ્જ્વળતા સમી બધે
અખંડ એ અગ્નિની જ્યોત પ્રજ્જ્વળે.

૭

દેવના મન્દિરે જેમ પ્રતિષ્ઠા દેવની કરે,
એમ મ્હારા રસદેવ પધરાવ્યા મનમન્દિરે.

૮

સૃષ્ટિ સૃજી ને નરનાર સર્જ્યાં,
ત્ય્હારે પ્રભુએ પ્રગટાવી જ્યોત જે,
દેવોની જગપાવન એહ જ્યોતને
ઝીલી અમે; સૌ નરનાર ઝીલજો.

૯

રસનાં પંચવટીતીર્થે, પુણ્યનાં પાણીડાં પીતાં,
અમથી અધિકાં સૌ યે સુહાજો રામ ને સીતા.

## ખંડ ૬ ઠો, મંગળફેરા

કે ઘેરાં ઘેરાં ઘૂમતાં ઘેરાણાં જગઝુંડો,
ઘટાનો ઘેરાવો પડ્યો રે લોલ;
ઝૂમખઝૂમખ દીપન્તી ડાળીઓ ડોલન્તી,
૧૮૬ સંસારનો ગોરમ્ભો ન્હડ્યો રે લોલ.

કે આભમાંહિ આભતત્ત્વ શોધતી અનોઠાં
કે આંખડી અનન્તે ભમે રે લોલ;
દેવના સંસારની વસન્ત વહે વાતો,
૧૯૦ ને વીજળીની વેલો રમે રે લોલ.

કે વિશ્વ મંહી કોણે આ વાંસળી વગાડી?
કે નારી રંગઝૂલે ઝૂલી રે લોલ;
આભ મંહી કોણે આ વીજળી ઉછાળી?
૧૯૪ કે સુન્દરી ફેરી–ફૂલી રે લોલ?

૨

વિચરે ચન્દ્રની સાથે ચન્દ્રની ચારુ ચન્દની,
દેહ શું સંચરે જેમ દેહની છાંય માધુરી,
૧૯૭ એમ કીધી અગ્નિચર્યા પગલીમાં પગલી પૂરી.

૩

ને ચારચક્રી જગના મહારથે
બેચક્ર બે ચક્રની ધાવલી પૂરે,

૨૦૦ એ વિધ પગલી પગલી મંડી પૂરી
૨૦૧ ખેડયો અમે યે સંસારમાર્ગને.

૪

સૌભાગ્યચુન્દડી ઓઢી, સૌભાગ્યવેલીઓ સમી,
૨૦૩ આવી સોહાગણો ચાર, અર્પ્યાં સૌભાગ્ય દેવનાં.

૫

દિશાદિશામાંથી પધારી દેવીઓ,
સૌભાગ્યના ચોક પૂર્યા ચતુર્દિશે;
દિશાદિશા મંગળમંગળે પૂરી,
૨૦૭ ભરી હતી એ ક્ષણમાં અનન્તતા.

૬

સૌરભે સૌરભો ઢોળી, વ્હેણમાં વ્હેણ વાળિયાં;
૨૦૯ પાંખ શું પાંખને ગૂંથી અમે સંસાર માંડિયાં.

૭

૨૧૦ ગજસ્કન્ધ પોતે રથની ધરી ધુરા,
સંસારની કીધ મ્હને જ સારથી;
એવો સલૂણો રથને અમે સજ્યો:
૨૧૩ હું પ્રેરણા એમની, એ ધુરન્ધર.

૮

પહર્યું પ્રભાત જીવનનું; અમારા મન્દિરે રૂડી
મંગળા આરતી એમ વાગી સંસારની વડી.

૯

વસન્તની વેલવિભૂતિથી ઝૂક્યો
જેવો હતો એ અમ લગ્નમંડપ;
વસન્તવર્ણો ગૃહવાસ માંડવા
સંસારનું લીધું અમે મહાવ્રત.

૧૦

દેવ ને અગ્નિની સાખે, સર્વ નૃલોક પેખતાં,
સંસારની મહાદીક્ષા લીધી–વૃક્ષે ચ્હડી લતા.

×

## ખંડ ૭ મો, સપ્તપદીઃ સખ્ય

સરોવર પાણીડાં ગઈ'તી સોહાગણ,
સરોવરનીર ધીરી હેલે ન્હઉાં;
કુંજમાંથી કોકિલા બોલી સોહાગણ,
૨૨૫ અન્તરની કુંજમાં પડઘા પડ્યા.

સરોવર પાણીડાં ગઈ'તી સોહાગણ,
વસન્તરંગ એને વદને હતા;
ચોળીમાં વસન્ત, એની ચુન્દડી વસન્તરંગી,
૨૨૯ વસન્તવાયુઓ વધાવી જતા.

૨૩૦ સરોવર પાણીડાં ગઈ'તી સોહાગણ,
પાળેથી મોરલો કેકા ઢળે;
ભરી જળહેલ એણે નિર્મળાં નીરથી,
૨૩૩ હૈયું ભરી આવી વસન્તનાં જળે.

૨૩૪ સરોવર પાણીડાં ગઈ'તી સોહાગણ—

૨

પૂજી-પ્રણામી કુલદેવી ઓરડે,
પૂજી-પ્રણામી અમ માતતાતને,
સંસારના એહ અનસ્ત અગ્નિની
૨૩૮ પછી કીધી સપ્તપદે પ્રદક્ષિણા.

૩

મીઠડાં પાણીડાં પીવા હંસી ગઈ'તી સરોવરે;
૨૪૦ નીરમાં તરતી હંસી વિરાજી હંસને ઉરે.

૪

પવિત્રતાને પગલે પદે પદે
નેત્રો વપુ પ્રાણ પ્રફુલ્લતાં હતાં;
વિરાટપગલે વહતાં વિરાટમાં
૨૪૪ ઝીલતાં હતાં નેત્ર વિરાટની પ્રભા.

૫

ક્‌હે છે ત્રિલોક માપ્યાં'તાં વામને ત્રિપદો ભરી;
૨૪૬ અમે સંસારને માપ્યો સાથે સપ્તપદી ફરી.

૬

પ્હેલ્લાં હતાં એ પગલાં પ્હરોડનાં,
ત્હો યે થતું કે જગને જીત્યું અમે;
ને પાંખને પાંખ મહીં પરોવીને
૨૫૦ સંસારના સાત તર્યા જ સાગરો.

૭

તારલે તારલે ઉભી અફ્કેકા પાય પાડિયા;
૨૫૨ અમે એ વિશ્વયાત્રામાં સપ્તર્ષિલોક ઘૂમિયાં.

૮

નવાં જ જાણે નભ ઉઘડ્યાં, અને
મ્હેમાની માણી મંહિ લોકલોકની;
જ્વલન્તજ્યોતિ, દીપતા રસોજ્જ્વળો,
જગતેશ્વરીનાં જગમન્દિરો દીઠાં.

૯

કંકોળી પાંખડી ફુંગી ઉછાળ્યાં આભ ફૂલડાં;
કવિતા કેરી કુંજોમાં થયાં એ પુષ્પ તારલા.

૧૦

ગૃહે ગૃહે હો, હરિની કલા સમી,
સંસારસોહાગણની સુહાગિતા;
સુરના સુગન્ધો સમ ધન્ય ધન્ય હો
ઉરે ઉરે દમ્પતીની પ્રસન્નતા.

૧૧

ધૂપ બે ધૂપદાનીના મળે-ઉડે છ આભમાં,
અમારા સંસારધૂપો મળ્યા-ઉડ્યા અનન્તમાં.

×

# ખંડ ૮ મો, ધ્રુવ તારલો

પ્રારબ્ધ ચરન્તો મ્હારો માથાનો મોર.
માથાનો મોર,
એનો મધુરો કલશોરઃ
૨૬૮ પ્રારબ્ધ ચરન્તો મ્હારો માથાનો મોર.

ડોલતો ને બોલતો રસનો રસીકડો;
૨૭૦ કલગી કોરે મ્હારા કાળજાની કોરઃ
૨૭૧ પ્રારબ્ધ ચરન્તો મ્હારો માથાનો મોર.

આશાનાં આભમાં ટહુકે સોહાગિયો;
ટહુકે ટહુકે એને પ્રગટે ભવભોરઃ
૨૭૪ પ્રારબ્ધ ચરન્તો મ્હારો માથાનો મોર.

બ્રહ્માંડચોકમાં પૃથ્વીનો હીંચકો;
બાંધ્યા અનન્તડાળે એના હિલદોરઃ
૨૭૭ પ્રારબ્ધ ચરન્તો મ્હારો માથાનો મોર.

કલાના કલાપ કરે સંસાર સોહામણો;
કેકાએ એની ફૂટે જગના અંકોરઃ
૨૮૦ પ્રારબ્ધ ચરન્તો મ્હારો માથાનો મોર.

૨૮૧ પ્રારબ્ધ ચરન્તો—

૨

મીઠાં મીઠાં ચક્ષુ છાંટી માતાએ લીધ મીઠડાં;
૨૮૩ 'જા; જઈ જીતજે વિશ્વ' પિતા આશિષ એ વદ્યા.

૩

ને દાદાએ મસ્તકે હાથ મૂક્યો,
મુખડું જોયું, ઉજ્જ્વળો આભ વાંચ્યો;
કંઠ સમાર્યાં, બોલવા કૈંક કીધું:
કુંકુમસ્હોતી ટીલડી ભીંજવી મૌનવાણે વધાવી.

૪

નમણી નણદી જાણે મૃગી શી માર્ગ દાખવે;
સાસરે જમવા ગઇ હું ત્ય્હાં નવાં જગ ઉઘડે.

૫

ભર્યાં સરોવર સમ સાસુજી હસ્યાં,
શ્વસુર મલકયા મુખ ભવ્ય મેઘ શા;
નવતીર્થ જેવું હતું એ નવું જગત;
જાણે મથુરા વસી દ્વારિકાતટે.

૬

સંસારના ભાલ જેવા ચોક ને ઓરડા હતા;
ચન્દનીનાં છબછબિયાં અગાસી ભરતાં હતાં.

૭

એણે બતાવ્યો નભચન્દ્રમા મ્હને,
મ્હેં દાખવ્યો ચારુ અગાસીચન્દ્રમા;

આકાશમાં ને ઉજળી અગાસીએ
૨૯૯ બે ચન્દ્રમા એ દિન માહરે હતા.

૮

૩૦૦ કીકીમાં કીકી ઢાળીને પીધાં પીયૂષ ચન્દ્રનાં;
૩૦૧ કરમાં કર ગૂંથીને ઝીલી સંસારની સુધા.

૯

ઘૂમે ઘૂમે ઘૂમડીઓ લઈ લઈ
અમ્ભોધિ શી અસ્થિરતા અનન્તની;
આસ્માનનો ઘુમ્મટ ઘૂમતો, ત્યંહાં
૩૦૫ ચચ્ચાર આંખે દીઠ ધ્રુવ તારલો.

૧૦

તેજ બે દીવડા કેરાં ઢળાઈ એકમેકમાં
૩૦૭ અજવાળું પાથરે એક, અમે યે એહવાં કીધાં.

×

## ખંડ ૯ મો, જીવનની મહાકવિતા

સહિયર ! હું સોહાગણ સાસરવેલની.

સસરા મ્હારા માનવતાના મંડપ જો !
સાસુ એ માંડવની અમૃતવેલડી.

જેઠ મ્હારા મહાજન મેઘાડમ્બર જો !
જેઠાણી રસભરી સંસારની વાદળી.

દિયેરાણી પાંખડીઓ ફૂટતી ફોરે જો !
દીયરિયો દ્દોટવતો દિલના દડૂલડા.

નણદલ માહરાં કુળનાં ઝાકમજ્યોત જો !
પ્રગટે ને પ્રકાશે વાદળવીજળી.

નાથ ઝબકે જુગજુગના જયદેવ જો !
એ જયજ્યોતે સખિ ! હું જગસોહાગણી.

દિનદિન હું કવિતાની કળીએ મ્હોરૂં જો !
સહિયર ! હું સોહાગણ સાસરવેલની.

સહિયર ! હું સોહાગણ—

૨

સૂર્યોદયે પ્રોજ્જ્વળ તેજ પ્રાચીમાં,
કે પૂર્ણિમા વેરતી કોટી પાંખડી,
વસન્ત જેવી વહતી'તી પૃથ્વિમાં;
મહાકવિતા મુજ કુંજમાં ફૂટી.

૩

સૂર્ય દે તેજનાં તેજ, ગૂઢનાં ગૂઢ આભ દે,
૩૨૭ મ્હારી મહાકવિતાના ભાવ એ ભાવમાં રમે.

૪

સહસ્ર કિરણો નભમાંથી નિર્ઝરે,
ને તારલા રાત્રિની સાડીમાં તપે;
૩૩૦ દીપન્તી દીપાવલિ દેવમન્દિરે,
૩૩૧ અંગાંગ એવા પ્રગટ્યા જ દીવડા.

૫

સ્વર્ગથી ઉતર્યા જેમ ગાજન્તા ધોધ ગંગના,
૩૩૩ કવિતાનાં મહાપૂર માહરે એમ ઉતર્યાં.

૬

વસન્તભરતી જ્યમ વાડીને ભરે,
અસંખ્ય ઝરણાં ઝરતાં સરોવરે,
ને આમ્રકુંજે જ્યમ મ્હોર મ્હોરતા:
૩૩૭ સંસાર પ્રગટ્યો શતજ્યોત માહરે.

૭

અંગમાં નદીઓ વ્હેતી, હૈયે સાગર ઉલટ્યો;
૩૩૯ ઢળાયો વાડીમાં મ્હારી એમ સંસાર સામટો.

૮

જેવો ભરે કોકિલબોલ કુંજને,
ને પદ્મથી પુષ્કરણી ભરી ભરી,
ને સંભરે વાદળીને નિધિસુધા;
સંસારના સૌરભથી ભરાઇ હું.

૯

આંખડી કીકીઓ મ્હારી ઝીલે જેમ અનન્તને,
એવો અનન્ત સંસાર નેણાં માંહી ઝીલ્યો અમે.

૧૦

બને પરબ્રહ્મમયી જ પ્રકૃતિ,
બને પરબ્રહ્મ જ પ્રકૃતિમય,
તો સૂર્ય, ને ચન્દ્ર, સમસ્ત તારલા,
બ્રહ્માંડનામી પ્રગટે અનન્ત આ.

૧૧

નર નારીમય થાય,
નારી નરમયી બને,
બન્નેથી નરનારીનાં
કુળ ને સંસાર ઉદ્ભવે.

×

# ખંડ ૧૦ મો, પાનેતર

૩૫૪ મહિયરનાં આવ્યાં રે! કે આજ મ્હારે વધામણાં.

મ્હારા આતમના આયુષ્ય! મ્હારા પ્રેમના પીયૂષ!
મ્હારે આજે આનન્દનું પર્વ જો!
૩૫૭ મહિયરનાં આવ્યાં રે! કે આજ મ્હારે વધામણાં.

સુન્દર સોહામણો આવ્યો મહિયરનો સન્દેશડો;
પાંગરી–પ્રફુલ્લી હું તો ફૂલડે ફૂલી વેલડ જો;
૩૬૦ એક જ બોલબાએ કહાવ્યો–સુહાવ્યો કે 'આવજે, અલી!'
ઘુમું–રમું છું જાણે હરખહુલ્લાસિણી વેલડ જો!
૩૬૨ મહિયરનાં આવ્યાં રે! કે આજ મ્હારે વધામણાં.

એક જ બોલમાં આખાં સમાય મહાબ્રહ્માંડ આ;
એક અંગાર માંહિ જળતી જગતદુહાગણ જો!
એક સૂરજની સોનાકળીથી મહી સોહી રહે,
આયુષ્ય આપે જેમ એક સ્વામીની સોહાગણ જો!
૩૬૭ મહિયરનાં આવ્યાં રે! કે આજ મ્હારે વધામણાં.

જગતે જાણી મ્હને પિયરપનોતી પરિવારે પૂરી;
પિતૃદેશ ઉગિયો આથમેલો આવી સવિતા જો!
૩૭૦ વીર ને વીરી મ્હારાં નેહેથી નિરખીશ નેણાં ભરી,
અંગઅંગ ઝરશે આનન્દ–આનન્દની કવિતા જો!
૩૭૨ મહિયરનાં આવ્યાં રે! કે આજ મ્હારે વધામણાં.

મ્હારા આતમના આયુષ્ય! મ્હારા પ્રેમના પીયૂષ!
મ્હારે આજે આનન્દનું પર્વ જો!
૩૭૫ મહિયરનાં આવ્યાં રે! કે આજ મ્હારે વધામણાં.

૨

માતાનું ન્હોતરૂં આવ્યું એટલું 'આવજે, અલી!'
૩૭૭ ફૂલી, ફાલી, ફોરીઃ મ્હારે આજ આનન્દપર્વણી.

૩

આનન્દનું અંબર ઓઢવા પછી,
મહિયેરમાં સાસરવેલ માણવા,
૩૮૦ પ્રભાપ્રભાળું, મુજ માતગર્વનું,
૩૮૧ મ્હેં ફૂલાઠ્યું પાનેતર લગ્નપર્વનું.

૪

પદ્મપાંખડીઓમાં શું ગૂંથ્યાં ચન્દનીનાં થર?
૩૮૩ આ તે પાનેતર? કે આ સ્મરણોનું સરોવર?

૫

કુંકુમકંકોળલ કોરપાલવો,
પ્રકાશની પ્રોજ્જ્વળ તેજઝાલરો,
પુત્રીનું પાનેતર લગ્નપર્વનું?
૩૮૭ કે એહ ચન્દ્રાસર ચન્દ્રિકાભર્યું?

૬

સાંભર્યું લગ્નનું પર્વ; સાંભરી એ વસન્ત; ને
૩૮૯ સાંભર્યાં માત ને તાત; સાંભરી સખીઓ મ્હને.

૭

૩૯૦ વર્ષો વીત્યાં'તાં વિધુ એહ આથમ્યે,
માસો વીત્યા'તા કુળમંડપે રમ્યે;
આદ્યેની ઘેલી ઘડીઓ સ્મરાવીને
૩૯૩ આનન્દના ઊર્મિ ઉછાળતી સ્મૃતિ.

૮

કો મહાગ્રન્થના મન્ત્રો, મર્મો, અક્ષરઅક્ષરો,
૩૯૫ વાંચે; મ્હેં એહવાં વાંચ્યાં અમારી તિથિનાં થરો.

૯

જ્યમ કોકિલાના મૃદુ એક ટ્હૌકડે
જાગે સૂતેલા ધ્વનિ પૂર્વગીતના,
ત્યમ એટલો એ સ્મૃતિસ્પર્શ સ્પર્શતાં
૩૯૯ ગાજી ઉઠી મુજ શતતન્તુએ વીણા.

૧૦

૪૦૦ આંખડી ભરીને ઉભી વિશાળી જગવાટિકા;
૪૦૧ દેવમન્દિર જેવા ત્ય્હાં નાથ મ્હારા વિરાજતા.

૧૧

આયુષ્યને ખંડ અખંડજ્યોતિ શા,
સૌભાગ્યની સોહતી ભાગ્યલક્ષ્મી શા,

ને કાન્ત લગ્નોત્સવ કેરી મૂર્તિ શા,
હૈયે વસ્યા નાથ વસન્તચન્દ્રમાઃ
૪૦૬ પવિત્ર પાનેતરની પ્રભા સમા.

૧૨

ને પછી સંસારદીક્ષા રમ્યાં સૌ સખીઓ મળી.
અગ્નિ એક સખી લાવી, એક થઇ વર–સૂર્ય શી;
૪૦૯ સખી એક ભણી મન્ત્રો, હું થઈ સૂર્યની પ્રભા.

૧૩

૪૧૦ ગૂંથી ગૂંથી અંગુલિ અંગુલિ મહીં,
દિશાદિશા મંગળ ગીતથી ભરી,
જ્વલન્ત પ્રગટાવી અખંડ જ્યોત એ
૪૧૩ સપ્તાહ ત્ય્હાં સપ્તપદીની ઉજવી.

૧૪

માતાહૈયે સમાણી, ને પિતાના પગમાં પડી,
૪૧૫ સખીઓમાં રમી–ઘૂમી પતિની પરમેશ્વરી.

× × ×